## શાળા આરોગ્ય કાર્યક્રમ

આ કાર્યક્રમ રાજ્યના આરોગ્ય અને શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ચલાવવામાં આવે છે. જે અંતર્ગત ધોરણ ૧થી ૭નાં તમામ બાળકો, શાળાએ ન જતાં ૦થી ૧૪ વર્ષનાં અને આંગણવાડીનાં ૦થી ૬ વર્ષનાં બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવે છે. જેમાં બાળકોના આંખ, કાન, નાક, ગળું, દાંત, ચામડી અને અન્ય બાળ રોગોની તપાસ કરવામાં આવે છે. બાળકોને સ્થળ પર જરૂરી દવા અપાય છે તેમ જ જરૂર હોય તો હોસ્પિટલમાં મોકલી નિષ્ણાતો દ્વારા સારવાર અપાય છે. હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બીમારી ધરાવતા બાળકોને સુપર સ્પેશિયાલિટિ હોસ્પિટલમાં વિના મૂલ્યે સઘન સારવાર આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ. ૧૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની પ્રગતિ થયેલ છે**

| | | |
|---|---|---|
| **તપાસાયેલ બાળકો** | : | ૧૦૭.૧૩ લાખ |
| **સ્થળ પર સારવાર આપેલ બાળકો** | : | ૧૩.૩૦ લાખ |
| **સંદર્ભ સેવા આપેલ બાળકો** | : | ૦.૮૫ લાખ |
| **બાળરોગ નિષ્ણાત દ્વારા સેવા લીધેલ** | : | ૦.૮૨ લાખ |
| **સુપર સ્પેશિયાલિસ્ટ સારવાર લીધેલ** | : | ૩૫૩૫ |

**સંપર્ક : જિલ્લા આરોગ્ય અધિકારી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર)**